# પ્રકરણ : ૪

# 'ધીમુ અને વિભા' (જયંતિ દલાલ) મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

# ૪. : 'ધીમુ અને વિભા' (જયંતિ દલાલ) : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

## ૪.૧. : સર્જક પરિચય :

જયંતિ ઘેલાભાઈ દલાલ એમનું પૂરું નામ. 'અનિલ ભટ્ટ', 'ઘરમદાસ ફરદી', 'નિર્વાસિત', 'બંદા' અને 'મનચંગા' જેવા તખ્ખલુસથી કળાજગત સાથે અનુબંધ ધરાવતા આ સર્જકનો જન્મ ૧૮ નવેમ્બર, ૧૯૦૯ ના રોજ અમદાવાદમાં થયો હતો. ૨૪ ઓગસ્ટ, ૧૯૭૦ માં અમદાવાદમાં તેમનું અવસાન થાય છે. નાટ્યકાર, વાર્તાકાર, નવલકથાકાર, અનુવાદક, રેખાચિત્રકાર, વિવેચક, સંપાદક તરીકે બજાવેલી સાહિત્યસેવાને લક્ષમાં રાખી સાહિત્યના ઈતિહાસકારોએ એમના યોગદાનની હરહંમેશ નોંધ લેવી રહી. તદુપરાંત ૧૯૩૦ ના સ્વાતંત્ર્યસંગ્રામમાંતેમની સક્રિય ભૂમિકા અને એ દરમ્યાન એકથી વધુ વખત ભોગવેલ કારાવાસ, ૧૯૫૬ માં ઈન્દુલાલ યાજ્ઞિક સાથે મહાગુજરાત ચળવળમાં સક્રિય સહભાગિતા, ૧૯૫૭ માં વિધાનસભાના સભ્ય, 'રેખા' (સાહિત્યલક્ષી સામયિક), 'એકાંકી' (રંગભૂમિ-નાટ્યકલાલક્ષી સામયિક), ગતિ (સાપ્તાહિક) અને મહાગુજરાતની ચળવળ વખતે આરંભેલું 'નવગુજરાત' (દૈનિક) જેવા વિચારપત્રો ચલાવનાર અને ૧૯૩૯ થી માંડી મૃત્યુપર્યંત 'વસંત પ્રિન્ટિગ પ્રેસ' મારફતે સત્ત્વવંતા પુસ્તકોના પ્રકાશનનું નોંધપાત્ર કાર્ય કરનાર જયંતિ દલાલની નોંધ ગુજરાતનો સાંસ્કૃતિક-રાજકીય ઈતિહાસપ્રગટ કરવા ધારતા ઈતિહાસકારે પણ વિસ્મર્યા વિના લેવી પડશે. તેમના સાહિત્યિક પ્રદાનને ઘ્યાનમાં લઈ ૧૯૫૯ નો રણજિતરામ સુવર્ણચંદ્રક એમને અર્પણ થયેલો.

૧૯૩૭ માં એમણે 'પોટ્રેઈટ ઓફ રિબેલ ફાધર' નો 'બળવાખોર પિતાની તસ્વીર' નામે અનુવાદ કર્યો ત્યાંથી તેમની સાહિત્યસર્જન પ્રવૃત્તિનો આરંભ થાય છે. તેમની પાસેથી ૨૮ મૌલિક પુસ્તકો, ૨ સંપાદનો અને ૪૨ અનૂદિત પુસ્તકો પ્રાપ્ત થાય છે. ૧૯૪૩ માં પ્રકાશિત થયેલી 'ધીમુ અને વિભા' તેમની પ્રથમ મૌલિક સાહિત્યકૃતિ છે.૧૯૪૧ માં જયંતિ દલાલ નાસિક જેલમાં કારાવાસ ભોગવી રહ્યા હતા ત્યારે આ નવલકથાલેખનનો પ્રારંભ થયેલો.

### ૪.૨. : 'ધીમુ અને વિભા' : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

નવલકથાનું પહેલું જ વાક્ય છે : "અમૃતે આજે ત્રીજી વાર મને કહ્યું : તું જ, તું જ વિભાનો ખૂની છે તારી જડતાને લીધે, સંતોષનો એક પણ દમ લીધા વિના એ ગુજરી, બિચારી"[૧]નવલકથાના નાયક, ધીમંત-ધીમુ પર તેના જ મિત્ર અમૃત દ્વારા થયેલો આ આક્ષેપ છે. આ આક્ષેપ નાયક ધીમુ માટે અસહ્ય છે એટલે તે ખૂદ પોતાની જાતની ઊલટ તપાસ–આત્મપરીક્ષણ(Introspection) આદરે છે જેથી સ્વયં પોતે પોતાની જાતને ન્યાય કરી શકે અને પોતાની આપવીતી તે ભાવકને કહી સંભળાવે છે, જેથી ભાવક પણ અમુએ તેના પર કરેલા આક્ષેપ વિશે વિચારતો થાય અને ભાવક તરફથી કોઈ નક્કર અભિપ્રાય અને શક્ય હોય તો સમભાવ પણ મળી રહે. મૂલતઃ નવલકથા ધીમુના સ્મરણરૂપે, ધીમુની બચાવપ્રયુક્તિરૂપે, ધીમુના આત્મનિરીક્ષણરૂપે અભિવ્યક્તિ પામેલી છે.

ધીમુ એક દેશભક્ત, ગાંધીજીએ દર્શાવેલ રાહ પર ચાલનારો સાચો સત્યાગ્રહી છે.દેશસેવામાં જ પોતાના જીવન અને સમયને સમર્પિત કરી દેવામાં તે પોતાનું જીવનકર્તવ્ય જુએ છે. જીવનકર્તવ્યમાં વ્યવધાનરૂપ નીવડે એવા દરેક સામાજિક બંધનથી ધીમુ દૂર રહેવા ચાહે છે. એટલે જ તેણે ક્યારેય લગ્ન વિશે વિચાર સુદ્ધાં નથી કર્યો. સત્યાગ્રહની હિલચાલ આરંભાય એ પૂર્વે પોતાના વિસ્તારના આગેવાન લેખે ધીમુ વિદ્યાર્થીઓ અને મજૂરોની સભાઓ ભરી ભાષણો આપવાની પ્રવૃત્તિ આદરે છે. આ દરેક સભામાં અચૂક હાજરી આપતી અને એકદમ ધ્યાનમગ્ન થઈને ધીમુને સાંભળતી વિભા જોવા મળે છે. શરૂ શરૂમાં એ વિભા તરફ જોવાનું જ ટાળે છેપણ નજર મનની ઉપરવટ જઈને ત્યાં જ ચોંટેલી રહે છે. ધીમુ હવે પોતાની વાત, પોતાના હાવભાવ પ્રત્યે વધુ સજાગ રહેવા લાગે છે. એ સમયની ધીમુની અનુભૂતિ અને વર્તણૂક ખરેખર ખૂબ જ રસપ્રદ રીતે અભિવ્યક્ત થઈ છે. જુઓ :

"બીજાઓની તો મને ખબર નથી પણ મારા માટે હું કહી શકું કે એક જ ચહેરાને, વિદ્યાર્થીની કે મજૂરની, ગુમાસ્તાઓની કે ગમે તેવી સભામાં મારા સામે ચોંટાડેલી નજરથી જોઈને મને તો લઘુતાભાવ લાગવા માંડે છે. હું ચેતન બની જાઉં છું અને વક્તવ્યમાં ન જાણે પણ એ ભાનની અસર લાગવા માંડે છે. મનમાં ને મનમાં હું ગણતરી ગણવા માંડું છું કે કોઈ શબ્દ, કશો વાક્યપ્રયોગ, કશી વિગત હું ફરીવાર તો ઉપયોમાં લાવતો નથીને ! મારી જાત

પર કાબૂ મેળવવા, પહેલાં તો મેં એ બેઠી હોય એ દિશામાં જ જોવાનું માંડી વાળ્યું, પણ એ પ્રયત્નમાં તો મારે હાર કબૂલ કરવી પડી. નજર મનની ઉપરવટ થઈ ત્યાં જતી અને અર્ધી ક્ષણ ત્યાં ટકે ત્યાં તો એની નજર ઢળી પડતી અને શીળું લજ્જાભર્યું નાનકડું સ્મિત એના હોઠે રમતું."[૨] વર્તનવાદી મનોવિજ્ઞાન (Behavioural Psychology) ની દૃષ્ટિએ આ આખી ઘટના કેવી રસપ્રદ છે નહીં ! કોઈ માણસ આપણને ધારી ધારીને જોતું હોય એ સમયે આપણી જે અનુભૂતિ હોય, આપણી જે મનઃસ્થિતિ હોય એનો સુંદર ચિતાર અહીં આપણને ધીમુની મનઃસ્થિતિ નિમિત્તે જોવા મળે છે.

## ૪.૩. : બુદ્ધિ અને લાગણીના સંઘર્ષમાં અટવાયેલું વ્યક્તિત્વ - ધીમુ :

અમુ અને તિલુભાભી જણાવે છે ત્યારે ધીમુને ખ્યાલ આવે છે કે વિભા તેના પ્રેમમાં છે.અમુ કહે છે "આવી છોકરી, ધીમુ, વારે વારે તો શું સો જન્મારેય એક વાર હાથ આવે અને તેમાંય આ તો તારા ઉપર બધુંય ન્યોછાવર કરી બેઠી છે. નિશદિન તારી લગની એને લાગી છે."[૩] આની સામે ધીમુનો પ્રતિભાવ નોંધપાત્ર છે : "અમુ, તો તો મારે એને મળીને એનું આ ભૂત ઉતારી દેવું જોઈએ. એક હરીભરી જિંદગીને માટીમાં રગદોળી દેવાનું પાતક વહોરવા હું તૈયાર નથી. એને આવી નિંદમાંથી જગાડવી જોઈએ."[૪]

કોઈ વ્યક્તિ આપણને ખૂબ ચાહે છે એ સાંભળીને કે ધ્યાનમાં આવતાં આપણને આનંદ થાય એ એક સાધારણ વ્યક્તિની અને સાહજિક લાક્ષણિકતા છે. એ વ્યક્તિને મળવાની અને વાત કરવાની ઈચ્છા થાય એ પણ સાધારણ વ્યક્તિત્વનું પરિચાયક લક્ષણ છે. ધીમુમાં આ બંને બાબત જોવા મળે છે, પણ શા માટે એ વિભાનું પોતા પ્રત્યેના આકર્ષણનું ભૂત ઉતારી દેવા ચાહે છે ? તેને એવું કેમ લાગે છે કે વિભા સાથેના પોતાના યોગથી વિભાની હરીભરી જિંદગી માટીમાં રગદોળાઈ જશે ?વાત અહીં અટકતી નથી. ધીમુ-વિભા મળે છે ત્યારે પણ ધીમુ વિભાને એવું જ સમજાવવા મથે છે કે વિભા તું મારી સાથે સુખી નહિ થઈ શકે. વિભાના પોતા પ્રત્યેના આકર્ષણને ધીમુ "મૂર્ખાઈ, નરી નાદાની અને આપઘાત"[૫] ગણાવે છે.સમગ્ર નવલકથામાં ધીમુ વિભા સાથે લગ્ન ન કરવા માટેના જે કારણો રજૂ કરે

છે, તે તેના વ્યક્તિત્વને, તેના મનોવ્યાપાર તેમજ તેના વર્તન-વ્યવહારને સમજવામાં મદદરૂપ થાય એમ છે. આ કારણો કંઈક આ પ્રમાણે છે :

"જીવનને શાંતિથી બસર કરવા ખાતર જે ધોરણ રાખવું જોઈએ તે જાળવવાની મારી અશક્તિ મારે પહેલેથી કબૂલ કરવી જોઈએ અને એ સાથે જ જે જાતનું જીવન હું ગાળું છું – અને જે હવે બદલવાનો મારો જરાકે ખ્યાલ નથી –તેવા જીવનમાં પરણવું એટલે તેના જીવનનો ભોગ લેવો."[૬]

"મારે બે વાત તમને ખૂબ સ્પષ્ટતાથી કહેવી જોઈએ. એક તો એ કે લગ્નજીવનને નિભાવવાનું આર્થિક બળ મારામાં નથી. કદાચ મારામાં એ શક્તિ હોય તોપણ અત્યાર લગી હું જે જીવન ગુજારતો આવ્યો છું, જે એકરંગી જીવનમાં હું પળોટાઈ ગયો છું તેને હવે બાજુએ મૂકી હું કોક નવા પ્રયત્નમાં પડવાને રાજી નથી. મારો બધો સમય હું જે કામમાં વળગ્યો છું તે જ કામમાં આપવાનો મારો નિરધાર છે. એટલે જ લગ્નજીવનની આર્થિક જવાબદારી માથે લેવા હું અસમર્થ છું અને સાથે હું એટલું પણ કહી દઉં કે જીવનનું એક નિશ્ચિત ધોરણ પણ મેં કલ્પી રાખ્યું છે. એથી કશુંય ઊણું હોવું મારે મન સતત ચિંતાનો વિષય બને અને એક બીજી ય વાત છે. મારા કામની લગન મને બીજી વાત માટે બેધ્યાન અને બેકદર બનાવે છે. સુખી પરિણીત જીવન માટે જરૂરી એવી ઊર્મિલતા, ઉમળકો કે વૃત્તિ પણ મારામાં નથી. કદાચ સમય પણ....."[૭]

"નિશ્ચયાત્મક જવાબ દઈ શકું એવી મક્કમતા જ મને મારામાં જણાતી ન હતી, સાચ જોયા અને પારખ્યાં છતાંય આચરવાની અશક્તિ મને દમતી હતી. હું મૂંગો રહ્યો."[૮]

આ બધાં અવતરણ જોતાં ધીમુ આપણને એક બુદ્ધિવાદી અને તર્કવાદી માનસિકતા ધરાવતું ચરિત્ર લાગે છે. એ પોતાના અંગત જીવન વિશે પૂરી સભાનતા ધરાવે છે. એ પોતાના વ્યક્તિત્વના સબળ-નિર્બળ પાસાંઓથીઅને પોતાના જીવનધ્યેયથી અભિજ્ઞ છે. પરિણામે જ વિભા સાથે લગ્ન ન કરવા બાબતે તેણે રજૂ કરેલાં કારણો આપણને તર્કસંગત અને વજૂદવાળા લાગે છે.કાર્લ ગુસ્તાવ યુંગે વ્યક્તિત્વના જે આઠ પ્રકાર દર્શાવ્યા છે તેમાંથી બર્હિમુખી વિચારણા (Extraverted Thinking) પ્રકારના વ્યક્તિત્વ સાથે ધીમુનું વ્યક્તિત્વ

બંધ બેસતું આવે છે. આવું વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ સિદ્ધાંતનિષ્ઠ અને ફરજની ભાવનાવાળી હોય છે. દરેક બાબતને તાર્કિકતાપૂર્વક જોવાના કારણે તેમનું વ્યક્તિત્વ આપણને લાગણીહીન લાગે પણ અંદરથી તે સંવેદનશીલ હોય છે.

ધીમુ પણ પોતાનો દરેક નિર્ણય તાર્કિક રીતે લેવા ટેવાયેલો છે. તેના આ તાર્કિક લાગતા વ્યવહાર-વર્તનમાં જે કેટલીક વિસંગતિઓ ડોકાઈ આવે છે,અંતરના કોઈ ઊંડાણમાં ધરાબઈ ગયેલી લાગણીના કારણે સમથળ લાગતા તેના તાર્કિક વલણો-નિર્ણયોમાં જે ગાબડાં પડે છે તે આપણા માટે અભ્યાસસામગ્રી છે. થોડું વિગતે જોઈએ, નવલકથાના મધ્યાંતર સુધી ધીમુ વિભાને લગ્ન માટે સ્પષ્ટ હા કે ના નથી કહેતો. શા માટે ? જો તેણે લગ્ન નહોતા જ કરવા તો વિભાના પરિચયમાં આવતાંની સાથે જ એણે વિભાને લગ્ન-પ્રણયજીવનની સ્પષ્ટ ના કેમ, ન પાડી, ન પાડી શક્યો ?લગ્નજીવન નિભાવવા માટે આવશ્યક એવી આર્થિક જવાબદારી નિભાવવાની અસમર્થતા દ્વારા તેનામાં આત્મવિશ્વાસનો અભાવ નથી વર્તાતો ? ધીમે ધીમે તે વિભાને ચાહવા પણ લાગે છે છતાં કેમ તે પરણવાની સ્પષ્ટતા બાબતે તો મૌન જ સેવે છે ? પરણવાની બાબતે સ્પષ્ટ હા કે ના કહેવામાં ધીમુના વિલંબનું કારણ શું ?શા માટે તે પોતાની જાતને લગ્નજીવનમાં આવશ્યક એવી ઊર્મિ, ઉમળકો અને વૃત્તિહીન અનુભવે-સમજે છે ? આ બધાં પ્રશ્નોના ઉત્તર શોધવા જતાં ધીમુના વ્યક્તિત્વને અનુલક્ષતા કેવા મનોવૈજ્ઞાનિક તથ્યો પ્રગટ થાય છે તે જોઈએ.

આર્થિક જવાબદારી ઉપાડવાની અસમર્થતા એ ન પરણવા માટેનું એક વજૂદવાળું કારણ છે પણ વિભા એનો માર્ગ પણ શોધી આપે છે. વિભા સ્વયં ખુશીભેર આર્થિક જવાબદારી પોતાના શિરે લેવા તૈયાર થાય છે. છતાં હજુ પણ ધીમુ સહમત નથી થતો કારણ કે હવે સવાલ છે ઈગોનો ! વિભા એક સ્ત્રી થઈને ઘરની આર્થિક જવાબદારી પોતાના શિરે લેવા તૈયાર થાય તો સામાજિક દષ્ટિએ તેના (ધીમુના) અહમ્‌ને કેટલો મોટો આઘાત લાગે ! હવે તે સહેજ આપણને અભિમાની (Egoistic) ચરિત્ર તરીકેના ચમકારાનો અનુભવ કરાવે છે. એથીયે આગળ જુઓ, કિશોર વિભાને પૂછે છે કે વિભુ તું મને ને બાપુને છોડીને જતી રહીશ ? ત્યારે કિશોરને સમજાવવા વિભા અમસ્તા કહે છે કે ના હું તમને છોડીને નહીં જાવું આપણે ધીમુને અહીં બોલાવી લઈશું અને આપણે ચારેય જણ આનંદથી જોડે રહીશું. આ

વાત કિશોર પાસેથી ધીમુ જાણે છે ત્યારનાં તેના મનોભાવો જુઓ : "......પણ વિભાએ એને ત્યાં રહેવાનું શું ગોઠવ્યું'તું ? પેલી 'આર્થિક જવાબદારી'ની વાતમાં એની આવી ગોઠવણ હતી ? .......વિભા આ રીતે મને એના ઉપકાર નીચે દબાવવા ચાહતી હતી ? મને એણે આટલો હલકટ જાણી લીધો કે આવી સુધરેલી ઘરજમાઈ જેવી હાલત હું સ્વીકારું ? એણે મારા સ્વમાનનો કશો વિચાર જ ન'તો કર્યો ? .......બધું એના રંગે જ રંગાય છે પણ મને એ નહિ પાલવે.....પણ વિભાએ મને આવો સ્વમાન વિનાનો કેમ માન્યો ? હું ક્યાં એને કહેવા ગયો હતો કે એણે આવી અણઘટતી ગોઠવણની કલ્પના પણ કરી હશે ?"[૯] ધીમુના મંતવ્ય મુજબ આ તેના સ્વમાનને લગતી બાબત છે. પણ અહીં અભિમાનનો રણકો અછતો નથી રહેતો. તે સ્વયં આર્થિક જવાબદારી લેવા તૈયાર નથી અને વિભા તેની સગવડ ખાતર કશી યોજના બનાવે (જો કે આ તો યોજના પણ નહોતી, કિશોરને સમજાવવાનું માત્ર એક બહાનું હતું) તો એમાં એને પોતાને અન્યાય થતો હોય એવું લાગે છે. જો એ ખરેખર સ્વમાની હોત તો સ્વમાન ઘવાયાને કારણે જ વિભા સાથેનો સંબંધતંતુ કાપી નાખત. આમ પણ તે વિભા જોડે પરણવા તો માગતો જ નહોતો ! પણ તે એવું નથી કરતો ઉલટાનો વિભા પાસે જઈને ખુલ્લાસો માંગે છે ! અભિમાની માણસની માફક તે પણ વિભા તેને ખૂબ ચાહે છે, તેના સિવાય આ જગતમાં બીજું કોઈ એને પ્રિયપાત્ર નથી એવી પ્રતીતિ કરાવતો વિભાનો પ્રેમભર્યો (વિવશતાભર્યો પણ, કારણ કે ધીમુ હજુ પ્રેમના એકરાર બાબતે અનુત્તર છે)એકરાર, વિભાનો સમર્પણભાવવગેરેથી ધીમુ જાણે નિર્મમપણે પોતાનો અહમ્ સંતોષે છે.

## ૪.૪. : સ્વ-ઓળખ/આત્મસ્થાપન માટે મથતો ધીમુ :

આરંભમાં ધીમુની જે મથામણ છે એ એક વ્યક્તિ તરીકેની પોતાની ઓળખ (Identity) ઊભી કરવાની છે. આ વાતનો ખ્યાલ ત્યારે આવે છે કે જ્યારે તિલુભાભી અને અમુ જેવા મિત્રો વિભા તારા પ્રેમમાં છે એવું જણાવે છે કે તરત ધીમુ પ્રતિભાવ આપે છે કે તો તો તેનું આ ભૂત ઉતારવું જ પડશે. પણ ખરેખર તો તે પણ કોઈક ભૂતનો જ શિકાર છે.આ ભૂત તે રાજકીય ક્ષેત્રે કે જાહેરજીવનમાં પોતાની જાતને નિષ્ઠાવાન સત્યાગ્રહી તરીકે પ્રસ્થાપવાનું છે. તેની વિચારધારા અને તેના વર્તન પરથી આપણને એવું લાગશે કે તેનું માનસ આવી કોઈ લાલસાથી ઘેરાયેલું નહોતું પણ તેના આંતર મનના કોઈક ઊંડા ખૂણામાં

આ ભાવ અવશ્યપણે ભરાયેલો છે. તેની ઈડ-Id-ગત ઈચ્છા તો લોકોના મનમાં પોતાની એક અલગ - અલાયદી છબિ ઉપસાવવાની જ છે. એટલે જ તે વિભાને પોતા સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખવાની સ્પષ્ટ ના પાડવાને બદલે તેનું ભૂત ઉતારવાનું (અને એ રીતે એની નજરમાં સારા-મહાન થવાનું)નક્કી કરે છે. જો સંબંધ રાખવો જ ના હોઈ તો વિભાથી દૂર જવું જોઈએ પણ તે એવું કરવાને બદલે વિભાને પોતાના સંપર્કમાં આવવા દે છે જેથી એક તીરે બે નિશાન લગાવી શકાય. વિભા પોતાના અનિશ્ચિત અવ્યવસ્થાભર્યા જીવનના પ્રત્યક્ષ અનુભવથી વાકેફ થઈલગ્નની સામેથી જ ના કહી દેશે અને સાથોસાથ વિભાને એવો અનુભવ પણ થશે કે આ માણસ નખશિખકર્તવ્યનિષ્ઠ અને દેશભક્ત છે, સત્યાગ્રહી છે.તે પોતાની Identity ને આંચ ના આવે એ બાબતે પણ ચેતન હતો. એટલે જ જેલમાં જતાં પહેલાં વિભા જોડે લગ્ન કરી લેવા, એવા તિલુભાભીના પ્રસ્તાવને નકારવા અજાણતાં જ તેના મુખમાંથી જે શબ્દો સરી આવે છે તેમાં તે,લોકો પર તેની જે છાપ છે એ જાળવવા બાબતની તેનીચેતનતાનો ખ્યાલ આવે છે, જુઓ :

"....પણ આ ઘડીએ, આવી ઉતાવળથી બધું આટોપવું મને ઠીક નથી લાગતું અને <u>લોક શું ધારે</u> ?"[૧૦]

ધીમુ સ્વયં સ્વીકારે છે તેમ આ વાક્ય અજાણતાં જ તેના મુખમાંથી સરી આવે છે. અહીં લોક પ્રત્યેની તેની જે ભીતિ છે તે પોતાની સત્યાગ્રહી તરીકેની પોતાની છબિને હાનિ પહોંચશે એ કારણે છે.

સિગ્મંડ ફ્રોઈડના, Ego, Super Ego અને Id વચ્ચે ચાલતા સંઘર્ષથી વ્યક્તિનાં વર્તન-વ્યવહાર પ્રેરિત હોય છે, એ સિદ્ધાંતના આધારે જ્યારે ધીમુના ચરિત્રનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરીએ ત્યારે તેના વ્યક્તિત્વ સંદર્ભે કેવા તથ્યો પ્રકાશમાં આવે છે તે જોઈએ.મેં આગળ કહ્યું તેમ, વિભાનું ભૂત ઉતારવા જનાર ધીમુ સ્વયં પણ કોઈક ભૂતનો શિકાર છે. આ ભૂત તે ઓળખ-Identity નું ભૂત છે.ધીમુના ચેતનસ્તર માટે પોતાની ઓળખ ઊભી કરવાની, પોતાની જાતને પ્રસ્થાપિત કરવાની વૃત્તિ સર્વોપરી છે, બાકીની બધી ઈચ્છાઓ તેના માટે ગૌણ છે. ટૂંકમાં, ચેતનસ્તરે Identity પ્રસ્થાપિત કરવી એ ધીમુની પ્રમુખ ઈચ્છા છે અને વિભાને પામવી એતેની ગૌણ ઈચ્છા છે. ગૌણ ઈચ્છાઓ તેની પ્રમુખેચ્છામાં બાધક

પુરવાર થાય એમ હોય તો ચેતનસ્તરે ઈગો એનો હલ શોધવા પ્રેરાય છે. અહીં આપણે ફ્રોઈડનો એક વિચાર નોંધવો આવશ્યક છે. ફ્રોઈડે કહ્યું છે કે ભૂખ, સલામતી, અન્ય ઉપર પ્રભાવ પાડવો, અભિમાન (આ લક્ષણો ધીમુના વ્યક્તિત્વમાં પ્રગટપણે જોવા મળે છે) વગેરે આત્મસંરક્ષણ અને Self ને પ્રસ્થાપિત કરવાની મૂળભૂત માનવ પ્રવૃત્તિઓ છે, જે ચેતનસ્તરે ચાલે છે. પરંતુ સુખપ્રાપ્તિ, જાતીયતા, પ્રેમ વગેરેને લગતી પ્રવૃત્તિઓને કામ (Libidinal) મૂળવૃત્તિના ક્ષેત્રમાં મૂકી શકાય.આ મૂળવૃત્તિઓઅચેતનસ્તરે સક્રિય હોય છે. અને જે આત્મસંરક્ષણની મૂળવૃત્તિઓ કરતાં વધારે સક્રિય હોય છે. આત્મસંરક્ષણની પ્રવૃત્તિઓને દોરવાનું કામ પણ આ વૃત્તિઓ મારફતે થતું હોય છે. વિભા સામે પોતાની જાતને પ્રસ્થાપિત કરવી એ આત્મસંરક્ષણની ચેતનસ્તરે ચાલતી પ્રવૃત્તિ છે. જ્યારે વિભા પ્રત્યેનો પ્રેમભાવ એ જાતીયતા -Libido- લક્ષી અચેતનસ્તરે ચાલતી અને સૌથી વધુ સક્રિય મૂળવૃત્તિ છે. એથી, અચેતન માનસમાં ઇચ્છાઓનો આ ક્રમ ઊલટો થઈ જાયછે. ત્યાં પોતાની ઓળખને પ્રસ્થાપિત કરવી એ નહીં પણ વિભાને પામવી એ તેની સર્વોપરી ઇચ્છા છે અને ઓળખ વગેરે ગૌણ ઇચ્છાઓ છે. પરિણામે ચેતનસ્તરે ધીમુ જે હલ શોધે છે એ હલ તેના અચેતન માનસની ઇચ્છાથી પ્રેરિત હોય છે, જેથી એક તીરે બે શિકારની જેમ ચેતનસ્તરે ઈગોની (Identity જાળવવાની) અપેક્ષા પણ સંતોષાય છે અને નૈતિક્તા કે આદર્શવાદી વિચારધારાની આડમાં તેનું અચેતન માનસ પણ સંતુષ્ટિ પામે છે.આ બાબતને હજુ વધારે સ્પષ્ટ કરીએ.

નવલકથાના આરંભે ધીમુ વિભાના પ્રેમને નકારવાનું નક્કી કરે છે અને પ્રથમ મુલાકાત વખતે એ પ્રમાણે વર્તે પણ છે. પરંતુ વિભાને મળ્યા પછી, તેની સાથે વાતચીત કર્યા પછી ધીમુ સ્વયં વિભા પ્રત્યે આકર્ષણ અનુભવે છે. મનમાં ને મનમાં તે વિભા પ્રત્યેના અનુરાગનો અનેકવાર એકરાર કરે છે. પરંતુ વિભાને મુખોમુખ પોતાના મનની વાત નથી કહી શકતો. વિભા ને વિભાના બાપુએ મૂકેલા લગ્નપ્રસ્તાવ વિશે પણ તે સ્પષ્ટપણે હા કે ના નથી કહેતો. કારણ કે ધીમુની ઈડગત અપેક્ષા વિભાને પામવાની, વિભા સાથેના સંગાથની છે. પણ એવું એ ખુલ્લે આમ કરવા જાય તો એના સુપર ઈગોને આઘાત લાગે ! તેનો સુપર ઈગો તેને એક નિષ્ઠાવાન સત્યાગ્રહી તરીકે પ્રસ્થાપિત થતો જોવા ઈચ્છે છે. વિભા સુપર ઈગોના આ લક્ષ્યમાં અવરોધક પુરવાર થાય એમ છે. ધીમુ જો વિભા સાથે લગ્ન કરવાનું

નક્કી કરે તો અત્યાર લગી તેણે સત્યાગ્રહી તરીકેની જે એક સામાજિક ઓળખ-Identity ઊભી કરી છે એ ખરડાઈ જવાનો એને ભય છે. એટલે તેનો ઈગો આ બંન્નેનાં ધ્યેય સચવાય એવો મધ્યમ માર્ગ દર્શાવે છે. તે વિભાને પોતાના અનિશ્ચિત, અવ્યવસ્થાભરી જીવનપ્રણાલિનો પ્રત્યક્ષ અનુભવ કરાવી, વિભા સામેથી લગ્નની ના પાડે એવો માર્ગ અપનાવે છે. જો વિભાને સ્પષ્ટ ના કહી દે તો વિભા તેનાથી દૂર ચાલી જાય અને એ રીતે તેની આંતરિક ઈચ્છા -અચેતન માનસની ઈચ્છા વણસંતોષાયેલી રહી જાય, તેની ઈંડગત અપેક્ષા અપૂર્ણ રહી જાય. પણ પોતાની અવ્યવસ્થિત જીવનપ્રણાલિનો પ્રત્યક્ષ અનુભવ કરાવવાની યોજનાથી બંને લક્ષ્ય પાર પડે એમ છે. વિભાનો સંગાથ પણ મળી રહેશે અને વિભા સ્વયં સામેથી જ લગ્નની ના પાડી દેશે. ઉપરથી ધીમુની એક આદર્શ, મહાન, સાચા સત્યાગ્રહી તરીકેની ઓળખ - Identity વિભાના મનમાં ઊભી થશે એનાથી એનો અહમ્ પણ પોષાશે. આ સંદર્ભને અનુલક્ષતું એક અવતરણ નોંધપાત્ર છે :

"ક્રૂર છતાંય સાચી હકીકત એ છે કે ઊંડે ઊંડે મને એ 'રમત' ગમતી હતી. કૂવામાં ઉતારી, વરત વાઢવાની એ રમતમાં મારો અહમ્ સંતોષાતો હતો."[૧૧]

## ૪.૫. : ધીમુની અનિર્ણાયક મનઃસ્થિતિના કારક પરિબળો - ભયગ્રંથિ અને લઘુતાગ્રંથિ :

વિભા સાથે લગ્ન ન કરવા બાબતે આર્થિક કારણ સિવાય બીજું એક કારણ પણ ધીમુનાં મનોભાવોમાંથી છતું થયા કરે છે. આ કારણ તે પોતે વિભાને સુખી નહિ કરી શકે એવી ધીમુના ચિત્તમાં બંધાય ગયેલી ભયગ્રંથિ. આ ભયગ્રંથિ જ ઘણીવાર ધીમુની લઘુતાગ્રંથિરૂપે પગ્રટ થાય છે. આ સંદર્ભે ધીમુના કેટલાંક સંવાદો નોંધપાત્ર છે :

"ન જાણે કેમ પણ મારા મનમાં હું દઢ રીતે માનતો હતો કે હું કદીયે કોઈને સુખી કરી શકું એ ખ્યાલ જ આભફૂલ વીણવા જેવો હતો અને વિભા શા માટે, શા માટે આવી સુંદર, સંસ્કારી સ્ત્રી, કાળમીંઢ ડુંગર પર સ્નેહની અમૃતવરણી વાદળી વરસાવવા તૈયાર થઈ ? વિભા તને કેમ કરીને સમજાવું ?"[૧૨]

મારી જડતા એને મૂઢ બનાવે જ. સુખી બનવાની કે સુખી કરવાની મારી બિનઆવડત એને દુઃખી જ કરે અને કુટુંબજીવનનો આર્થિક ભાર વેઠવાનું ભલેને એ માથે

લે. મારાથી ઓછો જ એ બોજો એને માથે મુકાય ? અને હું તો એ બોજો ઉપાડી શકું એમ છું જ નહીં. ત્યારે આ વણઝાર અર્ધે રસ્તે જ દુઃખી દુઃખી થતી ઊભીને !"[૧૩]

"આવી શાણી અને સમજુ છોકરી કલ્પનાતરંગના ઝોલે ચઢી મન અને તનને દમે એ મને નત'તું સમજાતું અને તે ય કોને માટે ? મારા માટે ? શું ભાળી ગઈ છે આ મારામાં ? રૂપ નથી, હૈયું નથી, હામ નથી, સુખી કરવાની કે (કે થવાની ય) આવડત નથી. લીલુડી વાડીની પંખિણીએ માળા માટે બાવળિયો ઝાલ્યો !"[૧૪]

"દુઃખી ! દુનિયામાં જન્મ ધારીને મેં પોતે ઓછું દુઃખ જોયું હતું કે એવા જ કોક દાવાનળમાં વિભા જેવા સુકુમાર, હેતભર્યા જીવને હોમી દઉં ?"[૧૫]

"એક બાજુ હતી, અત્યાર લગી મેં જેને જાણી ન'તી, પ્રીછી ન'તી, અનુભવી ન'તી એવી વેગવન્તી પ્રેમની લાગણી. બીજી બાજુએ હતી નિરાધારીની હકીકત. સંસારચક્રને આંચ આવ્યા વિના ચલાવે રાખવાની અશક્તિનો એકરાર. હુંપદ, ઈર્ષ્યા, અભિમાન, સાંકડું દિલ અને આટલું ઓછું હોય એમ આ સહુને પોતાના કાજળકાલા આવરણમાં ઘેરી લેતી કંગાલિયત, ભૂખની દોસ્તી, સુખની સંભાવના જ નહીં, કલ્પના એ દુશ્વાર હતી."[૧૬]

"નમ્રતાપૂર્વક હું કબૂલ કરું છું કે હુંય વિભાને ચાહું છું. જે પ્રેમથી હું જીવનમાં કોઈનેય ચાહી નથી શક્યો એ અને એટલા પ્રેમથી એનો સહચાર મારા જીવનની સૂકી મરુભૂમિમાં સુંવાણપ, સંતોષ, મીઠાશ અને ફોરમ આણી શકે એનો મને પૂરેપૂરો વિશ્વાસ છે, પણ હું એને શું આપી શકવાનો હતો ? મારા જીવનની એકધારી અનિશ્ચિતતામાં કદાચ નવલકથાના પાત્ર જેવું આકર્ષક કૌતુક અને હૃદયગમ ઊર્મિલતા હશે, પણ એ પેટ ઓછી જ ભરવાની છે ?"[૧૭]

"ભલે મારું અભિમાન મને એમ કહે કે મારામાં કશી ઊણપ નથી, મારું ગુમાન આવી કો'ક અધૂરપને સ્વીકારવા નકારે, છતાંય મારામાં એવું કશું હતું જે મારા અને અન્ય વચ્ચે એક દીવાલ ખડી કરતું હતું."[૧૮]

ધીમુ નવલકથાના મધ્ય ભાગ સુધી વિભા જોડે નથી પરણવા ચાહતો એની પાછળ આર્થિક જવાબદારી નિભાવવાનું અસામર્થ્ય ઉપરાંત બીજું એક કારણ પણ છે. ધીરેન્દ્ર મહેતાએ'જયંતિ દલાલની નવલકથાઓ' નામના અભ્યાસલેખમાં કહ્યું છે : "જગતને પલટવવાના પોતાના ઉત્સાહને દુન્યવી અનુભવોએ હણી નાખ્યો તેથી પોતાનો આત્મવિશ્વાસ પણ ખતમ થઈ ગયો છે. આ જ કારણસર લગ્ન કરવાનું સાહસ પોતે કરી શકતો નથી અને તેના પર મહત્ત્વાકાંક્ષાનો અંચળો ઓઢાડે છે."[૧૯] અહીં ધીરેન્દ્ર મહેતાએ ધીમુની માનસિકતાને બખૂબી પકડી છે અને લગ્નની બાબતમાં તેની દ્વિધાગ્રસ્તમનોદશા પાછળ રહેલ પરિબળને ઉઘાડું પાડ્યું છે. આવું જ બીજું એક નોંધપાત્ર અવતરણ બાબુ દાવલપુરાના 'ધીમુ અને વિભા : મનોવૈજ્ઞાનિક નવલકથાની નવતર કેડી' માંથી જોઈએ : "ધીમુની કરુણતા એ છે કે સમાજ કે પરિવાર તરફથી કશો વિરોધ ન હોવા છતાં, પોતે વિભાને અંતકરણથી ચાહતો હોવા છતાં, પોતાની જ આત્મશ્રદ્ધાની ઊણપ અને સમયસર નિર્ણય ન લેવાની અક્ષમ્ય વિલંબવૃત્તિને કારણે ક્ષયનો ભોગ બની ચૂકેલી વિભાને મૃત્યુનાં જડબામાં હોમાતી અટકાવી શકતો નથી."[૨૦] ધીમુ સતત "હું કદીયે કોઈને સુખી કરી શકું એ ખ્યાલ જ આભફૂલ વીણવા જેવો હતો" અને "સુખી બનવાની કે સુખી કરવાની મારી બિનઆવડત એને દુઃખી જ કરે"એવા વિચારો કર્યા કરે છે. આવા વિચારો કે મનોભાવો તેના આત્મવિશ્વાસના અભાવને છતો કરે છે. આત્મવિશ્વાસના અભાવના કારણે તે લગ્નજીવન બાબતે સતત ભય અનુભવ્યા કરે છે, તેને એવો ભય છે કે તે પોતાની સાથે પરણનાર કોઈ પણ સ્ત્રીને સુખી નહિ કરી શકે. આ ભયને ધીરેન્દ્ર મહેતા "માનસિક ભયગ્રંથિ"તરીકે ઓળખાવે છે. મનોવિજ્ઞાનની પરિભાષામાં તેને Phobia કહે છે. આત્મવિશ્વાસનો અભાવ અથવા શારીરિક ખોડખાંપણમાંથી જ ભયગ્રંથિ વિકસે છે. આ ભયગ્રંથિ ધીમે ધીમે લઘુતાગ્રંથિ (Inferiority Complex) માં રૂપાંતરિત થતી જાય છે. ધીમુ સાથે પણ એવું જ બને છે. દુન્યવી અનુભવો અને આત્મવિશ્વાસના અભાવે તેની ભયગ્રંથિ લઘુતાગ્રંથિમાં પરિણમે છે. તેની લઘુતાગ્રંથિને વધારે પ્રબળ બનાવવા માટે બીજું એક કારણ પણ નજરે ચડે છે. એ કારણ એટલે તેનો પોતાની જાત કે શરીર પ્રત્યેનો અસંતોષ. એક જગ્યાએ તે કહે છે :

"આવી શાણી અને સમજુ છોકરી કલ્પનાતરંગના ઝોલે ચઢી મન અને તનને દમે એ મને નત'તું સમજાતું અને તે ય કોને માટે ? મારા માટે ? શું ભાળી ગઈ છે આ મારામાં ? રૂપ નથી, હૈયું નથી, હામ નથી, સુખી કરવાની કે (કે થવાની ય) આવડત નથી. લીલુડી વાડીની પંખિણીએ માળા માટે બાવળિયો ઝાલ્યો !"[૨૧]

આ અવતરણ જોતાં આપણને તેમાંથી ધીમુની નમ્રતાના દર્શન થાય છે.એ બરાબર છે, પણ સાથો સાથ એવી શંકા પણ થયા વિના નથી રહેતી કે ધીમુ પોતાના શારીરિક દેખાવ કે એવી કોઈ બાબતને લીધે પોતાની જાત પ્રત્યે જ અસંતુષ્ટ નહિ હોયને ? બની શકે કે જાત પ્રત્યેની અસંતુષ્ટિ જ તેની લઘુતાગ્રંથિના મૂળમાં હોય. પણ નવલકથામાંથી શારીરિક ઊણપના કોઈ સચોટ પુરાવાઓના અભાવે એ વાતને પડતી મૂકીએ તોપણ તેનામાં આત્મવિશ્વાસનો અભાવ હતો અને એ બાબતથી તે સ્વયં પણસભાન હતો. એ સભાનતા જ એને કોરી ખાય છે. એના કારણે જ તે લઘુતાગ્રંથિનો શિકાર બને છે.

ધીમુ કૉલેજમાં અભ્યાસ કરતો હતો એ સમયની વાત છે. તે કૉલેજથી આવતો હતો ત્યારે યમુનાને સળગતી જુએ છે અને તેને દોડીને બાજુમાં પડેલું પ્રવાહી તેના પર રેડે છે પણ એથી તો આગ વધારે પ્રજ્વલિત થાય છે. ત્યારે જ ધીમુને ભાન થાય છે કે મેં રેડ્યું એ પ્રવાહી ઘાસતેલ હતું.  આ ઘટના બન્યા બાદ 'હું કંઈ પણ સારું કરવા જઈશ તો પણ એ ખરાબ જ થશે અને હું કોઈને પણ કદી ખુશ નહિ કરી શકું' એવી એક ગાંઠ તેના ચિત્તમાં બંધાય છે. અને એ ગાંઠ દુનિયાદારીના કઠોર અનુભવથી વધારે વિકસી,લઘુતાગ્રંથિમાં પરિણમી છે.

## ૪.૬. : અપરાધીપણાની લાગણીથી પ્રગટતો ધીમુનો વ્યથાભાવ :

ઉપરોક્ત બનાવના અનુસંધાનમાં જ, ધીમુ વિભાને અનુલક્ષીને જે અપરાધભાવ (Guilt) અનુભવે છે તેના પર પણ પ્રકાશ પાડી શકીએ. ધીમુ ગયો તો યમુનાને બચાવવા હતો પણ અજાણતાં તે યમુનાને વધારે પીડા પહોંચાડે છે. એમાંથી જ તે યમુના પ્રત્યે અપરાધભાવ અનુભતો થયો હશે. આગળ જતાં તે વિભાના સંપર્કમાં આવે છે. ધીમુ વિભાને પોતાના અવ્યવસ્થિત જીવનનો પ્રત્યક્ષ અનુભવ કરાવી, વિભા સામેથી પરણવાની

ના પાડે એવી ઇચ્છા સેવે છે અને એ પ્રમાણે પગલું ભરે છે. પણ જેમ જેમ સમય વીતે છે તેમ તેમ ધીમુને ખ્યાલ આવે છે કે તેનું આ પગલું પણ આખરે તો વિભાને દુઃખ જ આપે છે ને ? જુઓ :

"કો'ક નબળી પળને બાદ કરતાં મારો નિશ્ચય તો સ્થિર જ હતો; મારી સાથે પ્રસંગ પાડીને કોઈ સુખી થઈ શક્યું નથી, વિભા પણ સુખી નહિ જ થાય. વિભાને મારે દુઃખી નથી કરવી. ફલિતાર્થ ઉઘાડો, સૂરજના તાપ જેવો હતો.

પણ બીજી બાજુથી હું જ એને વધુને વધુ ઊંડા પાણીમાં નથી ઉતારતો ? ઉત્તેજન આપીને કે એની ઇચ્છાઓને આધીન થઈને, એની મરજી સાચવીને હું એના મનમાં કશી અપેક્ષાઓ જાગ્રત નથી કરતો ? જો હું એ એ અપેક્ષાઓ સંતોષવાનો ન હોઉં તો મારું કાર્ય ક્રૂર નથી ? ક્રૂર થવાની ખાતર જ હું ક્રૂરતા દાખવતો નથી ?"

ધીમુ નથી લગ્નની ચોખ્ખી હા પાડતો કે નથી ના પાડતો. તેનું અચેતન માનસ તો વિભાના સંગાથથી ખુશ છે. પણ તેનું ચેતન માનસ સતત અપરાધભાવ અનુભવ્યા કરે છે કે, પોતાની વ્યવસ્થાહીન જીવનપદ્ધતિનો અનુભવ કરાવવાના બહાના હેઠળ તે વિભાના સ્વપ્નાઓ અને જીવન સાથે રમત કરીરહ્યો છે. ચેતનસ્તરે એણે વિચારેલું કે વિભાને હું સ્પષ્ટપણે ના પાડી દઈશ તો એ દુઃખી થશે, ભાંગી પડશે. એટલે એ બાબતે એ મૌન સેવે છે. ચેતનસ્તરે અનો આશય તો સારો જ જણાય છે કે વિભા મારા જીવનની અવ્યવસ્થાભરી રીતિ જોઈને સામેથી જ ના પાડી દે જેથી એને દુઃખ ના અનુભવવું પડે, પણ અજાણતાં જ વિભા લગ્ન કે પ્રણયસંબંધ બાબતના ધીમુનામૌનથી વધારે પીડાય છે. આમ, તેણે સંબંધદોર લંબાવ્યે જ રાખ્યો, પણ લગ્ન કરવાની તેની બિલકુલ તૈયારીનહોતી એના કારણે વિભાની પીડા તેનામાં અપરાધભાવ જગાવે છે.

વિભા મૃત્યુ પામે છે ત્યારે અમૃત ધીમુ પર એવો આક્ષેપ કરે છે કે તારી જડતાને લીધે વિભા મૃત્યુ પામી છે. ત્યાંથી તેનો મનોસંઘર્ષ આરંભાય છે. વિભા સાથે લગ્ન કરવાની કોઈ યોજના ન હોવા છતાં, તે વિભાને સ્પષ્ટ હા-ના કહ્યા વિના તેની સાથેનો સંબંધતંતુ લંબાવ્યા કરી તેને દુઃખ પહોંચાડ્યું છે. એ બાબતે તો ધીમુ અપરાધભાવ અનુભવતો જ હતો, ત્યાં

અમૃતે વિભાના મૃત્યુ માટે પણ તેને જ જવાબદાર ઠેરવ્યો એ ઘટનાથી તેનો અપરાધભાવ અને તેના મનોસંચલનો વધારે ઘેરાં બને છે. વિભા તો ક્ષયની બિમારીથી મૃત્યુ પામી છે. તો ધીમુ પર તેના મૃત્યુનો આક્ષેપ કેમ ? ધીમુ સ્વયં વિચારે છે તેમ જેલમાં જતાં પહેલાં તે વિભા જોડે પરણી ગયો હોત તો આજે વિભા જીવતી હોત ? આ બાબત જ તેના અપરાધભાવને ઘૂંટે છે. હું વિભાના મૃત્યુ માટે જવાબદાર છું ? અને છું તો કેટલે અંશે ? આ બાબતની અસમંજસ જ નવલકથાને અને ધીમુના ચરિત્રને ઘેરા કરુણનો ઓપ આપે છે.

## ૪.૭. : આત્મપીડનવૃત્તિનો ભોગ બનતા મરણને શરણ થયેલી વિભા :

વિભાનું ચરિત્ર પણ મનોવૈજ્ઞાનિક દષ્ટિએ નોંધપાત્ર છે. જો કે નવલકથામાં આવતું આ પાત્ર ખરેખર તો ધીમુના મનોભાવોને પ્રકાશિત કરવા માટેનું નિમિત્ત માત્ર છે. તેમ છતાં અમુકેક ઘટનાઓને ધ્યાનમાં રાખતાં કહી શકાય કે વિભાના પાત્રમાંથી પણ કેટલાંક મનોવૈજ્ઞાનિક તથ્ય-વલયો રચાતાં જોવા મળે છે. અહીં વિભાનો પાત્રપ્રવેશ અને પાત્રાલેખન કથક ધીમુના દષ્ટિકોણથી થયું છે એટલે વિભાના પ્રત્યક્ષ સંપર્કમાં આવ્યા વિના કોઈ અન્ય વ્યક્તિ મારફતે તેનું વ્યક્તિત્વ-મનોજગત ભાવક કે વિવેચકના ચિત્તમાં આકારિત થાય છે. એટલે આપણે વિભા વિશે બધું સ્પષ્ટ ના કહી શકીએ કારણ કે જેમ મનોવૈજ્ઞાનિક પોતાના દર્દીના પ્રત્યક્ષ સંપર્કમાં આવ્યા વિના તેના મનોરોગનું નિદાન અને ઉપાય નથી કરી શકતો તેમ વિવેચક પણ પાત્ર-વ્યક્તિના મનોસંઘર્ષને પામ્યા વિના તેના વ્યક્તિત્વ વિશે નક્કર તારણો કેમ આપી શકે ? તેમ છતાં ધીમુએ જોયેલી-અનુભવેલી વિભા, તેના ચૈતસિકજગતને અનુલક્ષતી પ્રાપ્ય સામગ્રી અને તેના વર્તન-વ્યવહારનો અભ્યાસ કરી શક્યતમ્ મનોવૈજ્ઞાનિક તથ્યો ઉજાગર કરવા યત્ન કરીશ.

વિભાના વ્યક્તિત્વને સમજવા માટે ફ્રોઈડ પ્રતિપાદિત Theory of Life Instinct (Eros - જીવનપ્રેરણાનો સિદ્ધાંત) Theory of Death Instinct (Thanatos - મૃત્યુપ્રેરણાનો સિદ્ધાંત)નો આધાર લઈશું. જીવનપ્રેરણાનો સિદ્ધાંત માણસની અખૂટ જિજીવિષાનું સૂચન કરે છે. વિભા ધીમુને મળે છે, પોતાના પ્રેમનો એકરાર કરે છે ત્યારથી માંડી ધીમુ જેલમાં જવાની તૈયારી કરે છે ત્યાં સુધીની વિભાની બધી પ્રવૃત્તિઓમાં અને તેના

વ્યક્તિત્વમાં આપણને એક પ્રકારનો ઉત્સાહ અને અને આશાવાદી સૂર સંભળાયા કરે છે. ધીમુની નાની-મોટી બધી સભાઓમાં વિભાની અચૂક હાજરી, ધીમુ કહે છે કે લગ્નજીવનમાં આવશ્યક એવી ઊર્મિલતા મારામાં નથી એ સમયનું વિભાનું વર્તન (ધીમુના ખંભા પર માથું ઢાળી દે છે), ધીમુની સાથે જેલમાં જવાનો નિર્ણય, ધીમુના જેલગમન પૂર્વે ઉત્સાહપૂર્વક તેના માટે જીવનજરૂરી સામગ્રી એકઠી કરવી, ગમે ત્યારે ધીમુની જેલબદલી થાય એથી તેને મળવા માટે થઈને રોજ રાતે રેલ્વે સ્ટેશન પહોંચી જતી વિભા આ બધાં પ્રસંગોમાંથીવિભાનો ધીમુ પ્રત્યેનો પ્રેમભાવ અને જીવન પ્રત્યેનો ઉત્સાહ પ્રગટ થાય છે.આરંભે તેનો સ્વભાવ કેવો પ્રશાંત, ધીર-ગંભીર અને આનંદી હતો ! ધીરજ અને આત્મવિશ્વાસથી ભરપૂર હતું એનું હૈયું. એટલે જ પ્રેમ અને છેલ્લે લગ્નની બાબતમાં પણ તે ધીમુ પર વિજય મેળવે છે (સંજોગાવશાત્ લગ્ન ન થઈ શક્યા, પણ ધીમુ પાસે લગ્નનો હકારાત્મક નિર્ણય લેવરાવી શકે એટલું બળ તો તેના વ્યક્તિત્વમાં હતું જ એ ક્યાં અછતું રહે છે !).

ધીમુના જેલગમનની તૈયારીઓ થવા લાગે છે ત્યારથી તેના માનસિક વલણો મંથરગતિએ બદલાતાં અનુભવાય છે.તે ધીમુને જેલમાં મળવા જાય છે ત્યારે ધીમુ વિભા વિશે જે નોંધ લે છે એ જુઓ :

"વિભામાં મનોવૃત્તિ પણ હતી; બુદ્ધિ હતી અને તે સાથે સાહજિક સૂઝ હતી; છતાં પેલી ખિન્નતા ત્યાં કેમ હતી ? આત્મવિશ્વાસ ન હતો ? તો પેલી નિરાધારી કેમ દેખાતી હતી ? એક જ વ્યક્તિમાં આવા વિરોધો સંભવી શકે?

હૈયું ગુમાવી બેસનાર દરેકને આવો જ કશો અનુભવ થતો હશે ? હૈયા ભેગી હામ પણ ગુમાવી દેવાની હશે ? આત્મવિશ્વાસ, આપરખાપણું એ સહુ જઈ ત્યાં નિર્ભેળ લાગણીવશતા આવતી હશે ? કોણ જાણે !"[૨૩]

આ અવતરણ વિભાની બદલાતી જતી મનઃસ્થિતિ અને તેના મનોસંઘર્ષ (Stress) નો સુપેરે પરિચય કરાવે છે. તેના આત્મવિશ્વાસનું સ્થાન નિરાધારીએ લીધું.તેના આનંદ અને ઉત્સાહ હવે ખિન્નતામાં પરિણમવા લાગ્યાં છે. મનોવૈજ્ઞાનિક દષ્ટિએ જે માણસ નિરાધારી, આત્મવિશ્વવાસનો અભાવ, ખિન્નતા વગેરેનો મનોભાર (Stress મનોભાર,

મનોદબાળ, તણાવ)ધરાવતું હોય તેનામાં આક્રમકતા અને અધિકારીપણું-માલિકીનો ભાવ તીવ્ર થતો જતો હોય છે. જો એના માલિકીભાવને નિષ્ફળતા મળે અથવા જો એનું ધાર્યું ના થાય તો એ વ્યક્તિ મૃત્યુકામના પ્રતિ દોરાય છે. જેલબદલી નિમિત્તે ધીમુ નાસિક જવા ઉપડે છે ત્યારે રેલ્વે સ્ટેશન પર વિભા તેને મળે છે એ વખતનું વિભાનું વર્તન જોતાં એવું લાગે છે જાણે ધીમુ પર તેનો એકલીનો અબાધિત અધિકાર છે. ધીમુને પણ એવું લાગે છે કેવિભા એવી રીતે વર્તી રહી છે જાણે પોતે (ધીમુ) એની એકલીની મિલકત છે. તેના આ માલિકીભાવનું તીવ્રતાભર્યું ભાન કરાવતું તેનું વિધાન જુઓ :

"હું બીજાનો વિચાર જ નથી કરી શકતી; તું મારો છે, મારો છે."[૨૪]

જેની સાથે સંસાર માંડવાની સતત તત્પરતા દાખવતી હતી એ ધીમુ સામેથી જ્યારે લગ્નનો પ્રસ્તાવ મૂકે છે ત્યારે વિભા તેનો અસ્વીકાર કરે છે. તેણે એવો ભય પણ અનુભવ્યો હશે કે ધીમુમાં આત્મવિશ્વાસનો અભાવ હોવાના લીધે તે એની સાથે સુખી નહિ રહી શકે. એથી અત્યાર સુધી તેણે ધીમુનું લગ્ન બાબતનું મૌન સહન કર્યું અને પોતે પીડા ભોગવી. પણ હવે એના માટે આ બધું અસહ્ય થઈ પડવાથી તે પરપીડનવૃત્તિનો માર્ગ અપનાવી ધીમુને પણ એ પીડાનો અનુભવ કરાવવા ચાહે છે. એ કારણસર જ તે ધીમુને લગ્નની ના પાડે છે. ધીરેન્દ્ર મહેતાનું એક અવતરણ આ બાબતે નોંધપાત્ર છે : "એ જોવા જેવું છે કે ધીમુ અને વિભા જુદા જુદા છેડેથી વર્તુળ પૂરું કરે છે. વિભા આરંભે આત્મવિશ્વાસ પ્રગટ કરે છે અને અંતે જીવનનો ભય સેવતી થાય છે; ધીમુ આરંભે ભયગ્રસ્ત છે અને અંતે એમાંથી મુક્ત થઈ આત્મવિશ્વાસ કેળવતો થાય છે. બે છેડા મળી શકતા નથી." વિભાની આવી માનસિક અસાધારણતા (Mental Abnormality) અને પરાગતિ (Regression) માટે તેની ધીમુ પ્રત્યેની પ્રણયવિષયક લાગણીઓના દમન (Repression) જેટલું જ બીજું મહત્ત્વનું કારણ તેની દમન પામેલી કામભાવના અને સંતાનેષ્ણા છે.લેખકે સંયમયુક્ત અને શિષ્ટ ભાષામાં વિભાની દૈહિક તૃષ્ણાને શબ્દાંકિત કરી છે.જુઓ : "શાલને ચારે છેડેથી લઈ હું વિભાને ખભે ગોઠવવા ગયો ત્યાં તો વિભા મારી ખૂબ નજદીક આવી ગઈ. મારા ખભા ઉપર એણે એવું માથું ઢાળી દીધું અને જાણે એની આખી કાયાને મારામાં સમાવી દેવા મથતી ન હોય એમ જાત સંકોરીને ચપોચપ ઊભી રહી. મારો હાથ એને ખભે જ રહી ગયો. એની હથેળી એણે

મારા હાથ પર મૂકી.....વિભાને મેં ઢંઢોળી. અધખૂલી આંખે એણે મારા સામું જોયું એનું ભભકભર્યું સ્વપ્નું પીંખી નાખવાનો રોષભર્યો ઠપકો એમાં તરવરતો હતો. પણ એણે જાતને સમાલી. કેવળ એક નાનકડો નિસાસો નાખી એ ચાલવા લાગી."[૨૫] તેની દૈહિક અતૃપ્તિનો અવેગભર્યો અંદેશો આપતું બીજું એક અવતરણ જુઓ : "...વિભા અચાનક મારા તરફ ફરી. એની હથેળીઓને મારા ખભા પર દબાવી એણે મને ખુરશીની પીઠ સાથે જડી દીધો અને મારી આંખોને એ ભાળી રહી. એના પવનઝૂલાવ્યા ઝૂલતા પાલવે મારે મોંએ આછી થપાટ દેવા માંડી. હું વિવશ બનતો જતો હતો તે એ જોઈ રહી હતી. ....વિભાની આંખમાં ચમક આવી. પેલી સ્થિર અંતરસ્તલ લગી પહોંચતી દષ્ટિને સ્થાને મસ્તીભરી, ઉત્કટ, કામુક, તીક્ષ્ણનજર ત્યાં હતી."[૨૬] ધીમુ પર પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવાની તત્પરતા દાખવતી હોવા છતાં ધીમુની લગ્ન બાબતની અનિર્ણાયક મનઃસ્થિતિથી તે અકળાઈ ઊઠે છે. અજાણતાં જ આ અકળામણ વેરભાવમાં પરિણમે છે અને તે પોતે અનુભવેલી પીડાનો અનુભવ ધીમુને કરાવવા, ધીમુના લગ્નપ્રસ્તાવનો અસ્વીકાર કરે છે.

### ૪.૮. : વિભાની વણસંતોષાયેલી માતૃત્વ ભાવના :

એક સ્ત્રી તરીકે તેણે ધીમુના સંતાનની માતા બનવાની મનોકામના પણ સેવી'તી. તેની આ મનોકામના તેના જ મુખેથી ઉચ્ચારાયેલી જુઓ : "તારા સંતાનની માતા બનવાનું સૌભાગ્ય તો હું વાંચ્છું છું."[૨૭] વિભાના માતૃત્વભાવ અને તેની સંતાનેષ્ણાની ઉત્કટતાનું કળાત્મક નિરૂપણ તો રેલ્વે સ્ટેશન પર તે ધીમુને મળવા જાય છે ત્યારે એક બાળકને માતા પાસે રમતું જુએ છે. એ સમયના તેના મનોભાવોમાં જોવા મળે છે. મનોવૈજ્ઞાનિક દષ્ટિએ એક પ્રશ્ન એવો પણ થાય કે જો વિભા અને ધીમુ પરણી ગયા હોત અને વિભા ધીમુના સંતાનની માતા બની હોત તો કથાનો અંત આવો કરુણ હોત ?

વિભાને ક્ષયની જીવલેણ બીમારી લાગુ પડે છે. ક્ષયની ભયંકર બીમારી મહદંશે કુપોષણના કારણે થાય છે. એમાં પણ જો દર્દીકોઈ મનોસંઘર્ષમાંથી પસાર થતો હોય તો દર્દીના સ્વભાવ અનુસાર રોગ સ્વરૂપ ધારણ કરે છે. જે દર્દી નિરાશા, નિરાધારી, અસલામતી જેવા ભાવો અનુભવતો હોય એવા દર્દીમાં આ રોગ ઝડપથી પ્રસરે છે અને

જીવલેણ પુરવાર થાય છે. અહીં એક બીજી બાબત પણ નોંધપાત્ર છે કે જે વ્યક્તિ નિરાશા, નિરાધારી, અસલામતી જેવા ભાવો અનુભવતી હોય એવી વ્યક્તિને જીવનમાંથી જ રસ ઉડી જાય છે અને તે સતત મૃત્યુની કામના કરે છે. આવા નકારાત્મક વલણોની અસર તેની રોગપ્રતિકારક શક્તિ પર થાય છે. દર્દીને જે રોગ થયો હોય એનો પ્રતિકાર કરવાની શારીરિક-માનસિક ક્ષમતા ઓછી થઈ જાય છે. મારે સ્પષ્ટપણે કહેવું એટલું જ છે કે, વિભાને જે ક્ષયની બીમારી લાગુ પડે છે, અને તેના માટે જીવલેણ બને છે એની પાછળના કારણોમાંધીમુનો વિરહ, ધીમુનું લગ્ન બાબતનું મૌન, એમાંથી ઉપસતી અસલામતી, લોકલાજનો ભય (એ બંને એકબીજાના પ્રેમમાં છે એવું સમાજના લોકોએ નહિ જાણ્યું હોય ? આટલે સુધી વાત પહોંચવા છતાં ધીમુ વિભા સાથે લગ્ન કરવાની ના પાડે તો વિભાને સામાજિક અપમાનનો ભય નહિ સતાવતો હોય ?), એ ભયમાંથી ઉપસતી નિરાધારી વગેરેનો સામાવેશ કરી શકાય. આ બધાં પરિબળો જ તેનામાં Regression (Regression અર્થાત્ નાસીપાસ થવું, પીછેહઠ કરવી, પરાગતિ. વ્યક્તિ હતાશા અને નિરાશાને કારણે પોતાના પ્રાપ્તવ્યથી પીછેહઠ કરે તેને Regression કહે છે.) ની વૃત્તિ જન્માવે છે અને તે ધીમુ સાથે કોઈ પણ જાતનો સંપર્ક રાખ્યા વિના, ધીમુને જાણ કર્યા વિના જ લખનૌ ચાલી જાય છે. આ બધાં કરતાં તેને મૃત્યુ વહાલું લાગે છે એવા સંકેતો નવલકથાના બીજા ભાગમાં નિરૂપાયેલા તેના વર્તન-વ્યવહાર પરથી સાંપડે છે. ધીમુની જેલબદલી વખતે બંને રેલ્વે સ્ટેશન પર મળે છે એ સમયનું વિભાનું એક વિધાન તેની મૃત્યુકામનાનું સૂચક છે. જુઓ :

"મરણની પળ આવી જ સુભગ હોય તો કેટલું સારું !"[૨૮]

હવે અહીં જોઈ શકાય છે કે જે વિભા ધીમુ સાથેના સંબંધથી આરંભે ખુશખુશાલ હતી એ વિભા ધીમે ધીમે ધીમુના લગ્નજીવન બાબતના અનિર્ણયભર્યા પ્રતિસાદને કારણે ખિન્નતા અને હતાશાનો શિકાર થઈ જાય છે. તેનામાં ક્રોધ, માલિકીભાવ, નિરાધારી, અસલામતી જેવા જે ભાવોનો આવેગ રચાય છે એમાંથી જ તે મૃત્યુકામના પ્રતિ પ્રેરાય છે. તે સ્વપીડન દ્વારા પરપીડનની વૃત્તિ અપનાવે છે. ડૉક્ટરે તેને બોલ્યા વગર, માત્ર આરામ કરવા કહ્યું હોવા છતાં તે સતત બોલ્યા કરે છે. પથારીમાંથી પણ ઊભી થઈ જાય છે. સ્વ પ્રત્યેની

આ બેદરકારી જ તેનીનષ્ટ થયેલી જિજીવિષા અને આવેગસભર મરણેચ્છાની પરિચાયક બની રહે છે.

## ૪.૯. : 'ધીમુ અને વિભા'ની કથા-સંરચના અને મનોવિશ્લેષણાત્મક અભિગમ :

'ધીમુ અને વિભા' નવલકથાનું કથાવસ્તુ અને તેની સંરચના,મનોવિશ્લેષણાત્મક અભિગમથી એ નવલકથાનો અભ્યાસ કરનાર વિવેચક માટે અગત્યની છે.સર્જકે આ નવલકથામાં બાહ્ય ઘટનાઓના નિરૂપણ પર ભાર આપવાને બદલે કૃતિગત પાત્રચેતનાના સ્થિત્યંતરો નિરૂપવામાં સવિશેષ રસ દાખવ્યો છે. એના પરિણામે નવલકથાનું રચનાશિલ્પ સ્વયં ભાવક માટે રસનો વિષય બની રહે છે. સૌપ્રથમ તો લેખકની કથાપસંદગીને દાદ દેવી જોઈએ. 'સરસ્વતીચંદ્ર'ના કાળથી આજ સુધી ગુજરાતી નવલકથા સાહિત્યસ્વરૂપમાં પ્રેમ, પ્રિયપાત્રને પામવા માટે ભોગવવો પડતો સંઘર્ષ, પ્રણયત્રિકોણ, પ્રણયસાફલ્યમાં બાધક બનતા સામાજિક બંધનો-રીતરિવાજો વગેરેનું નિરૂપણ થતું આવ્યું છે. 'ધીમુ અને વિભા' આનાથી તદ્દન ભિન્ન રીતે લખાયેલી નવલકથા છે. અહીં પણ વાત પ્રેમ અને બે પ્રેમીઓની જ છે (સાથોસાથ સ્વતંત્રતાસંગ્રામનું કથાનક પણ નિરૂપાયું છે પણ એય નિમિત્તરૂપે આવે છે), પણ લેખકની સર્જનાત્મક્તા તો એ પ્રેમને નવી શૈલી અને નવા મરોડ સાથે અભિવ્યક્ત કરવામાં પ્રગટ થાય છે.પુરોગામી નવલકથાઓમાં બને છે તેમ અહીં પ્રેમીપાત્રો માટે બાધક બનતાબાહ્યજગતના પરિબળો સાથેનો કે સામાજિક સંઘર્ષ નિરૂપવાને બદલે સર્જકે અહીં બે પ્રેમીપાત્રોમાંથી જ એકના સમગ્ર ચેતનાવિશ્વને આપણી સમક્ષ અભિવ્યક્ત કરી આંતરજગત-મનોજગતના સંઘર્ષનો પરિચય કરાવ્યો છે.પ્રેમ લગ્નમાં પરિણમે એ પ્રેમનું સુફળ અને મહદંશે એને જ પ્રેમની સફળતા માનવામાં આવે છે.અહીં વિભા લગ્ન માટે તલપાપડ છે. ધીમુ પણ વિભાને ચાહે છે. પરંતુ લગ્નની બાબતમાં તે મૌન સેવે છે. અહીં પ્રેમીપાત્રોની વિરહવસ્થા માટે સમાજ કે કોઈ બાહ્ય પરિબળ નહિ,પરંતુ યુગલમાંનું જ એક પ્રેમીપાત્ર-ધીમુ અને તેની કિંકર્તવ્યમૂઢ મનઃસ્થિતિ કારણભૂત છે. આ સંદર્ભે બાબુ દાવલપુરાનું એક અવતરણ જોઈએ : "ધીમુની કરુણતા એ છે કે સમાજ કે પરિવાર તરફથી કશો વિરોધ ન હોવા છતાં, પોતે વિભાને અંતકરણથી ચાહતો હોવા છતાં, પોતાની જ આત્મશ્રદ્ધાની ઊણપ અને સમયસર નિર્ણય ન લેવાની અક્ષમ્ય વિલંબવૃત્તિને કારણે ક્ષયનો

ભોગ બની ચૂકેલી વિભાને મૃત્યુનાં જડબામાં હોમાતી અટકાવી શકતો નથી." એ રીતે ગુજરાતીની અન્ય પ્રેમવિષયક નવલકથાઓ કરતાં આ નવલકથાનું કથાવસ્તુ અલગ પડે છે.

સમયસંકલનાની દષ્ટિએ જોઈએ તો પણ આ નવલકથા નોંધપાત્ર છે. "અમૃતે આજે ત્રીજી વાર મને કહ્યું : તું જ, તું જ વિભાનો ખૂની છે."[૨૯]એવા અમૃતના ધીમુ પરના આક્ષેપથી નવલકથાનું બીજારોપણ વર્તમાન સમયમાં થયું છે. ત્યાર બાદ ધીમુ વિભાના મૃત્યુ માટે પોતે જવાબદાર છે ? છે તો કેટલે અંશે ? વગેરે બાબતોને તપાસવા, તે વિભાના પરિચયમાં આવ્યો ત્યારથી માંડી તેના મૃત્યુ લગીના ભૂતકાળનું ઉત્ખનન આદરે છે.આ આખો ભૂતકાળ સ્મૃતિરૂપે તેના ચેતનાવિશ્વમાં આકારિત થાય છે અને એવી રીતે ભાવક પણ ધીમુની સ્મૃતિકથાના માર્ગે થઈ તેના માનસિક-ભૂતકાલીન સમયમાં વિહાર કરે છે. એ સમય અને એ પરિવેશ ભૌતિક નથી, પણ ધીમુની ચેતનામાં કે ચેતનાએ સર્જેલો ચૈતસિક સમય (Psychological Time) અને ચૈતસિક પરિવેશ (Psychological Atmosphere) છે. પરિણામે જ ભાવક સતત ધીમુની ચેતના અને સંવેદના સાથે એકતાન રહી શકે છે.

આત્મકથન અને સ્મૃતિકથનની કથનપ્રયુક્તિના વિનિયોગ દ્વારા ધીમુના પાત્રને એ જ તો સહુથી મોટો લાભ થાય છે કે,તે જે બાબત ભાવકને દેખાડવા માગે છે એ જ બાબતને સ્મૃતિકથનમાં દાખલ કરે છે અને એને સંવેદનાનો એવો વળ ચડાવે છે કે ભાવક ધીમુના સંવેદનાજગત સાથે પલભર પણ છૂટા પડ્યા વિના સંકળાયેલો જ રહે છે. આ જ તો કથાના કથક ધીમુએ રચેલું રચનાજાળ છે કે, ભાવક વિભાની સંવેદના, વિભાની મનોકામનાઓને તો બિલકુલ વિસરી જ જાય, સાથોસાથ સતત પોતાની સંવેદના સાથે ગાઢ અનુબંધમાં આવવાથી પોતે ભાવકની સદ્ભાવના પણ પામે છે.નવલકથા સાહિત્યસ્વરૂપનો (કથાસાહિત્યના કોઈ પણ સ્વરૂપનો)મનોવૈજ્ઞાનિક દષ્ટિએ અભ્યાસ કરવા ધારતા વિવેચકે અહીં એ જ તો ખાસ ખ્યાલ રાખવાનો છે કે જો કથામાંનું જ કોઈ પાત્ર કથાનું કથક હોય તો તેના પર અને તેના દરેક કથન પર સવિશેષ ધ્યાન આપવું.કારણ કે એ કથક ખૂદ પણ નવલકથાના અન્ય પાત્રોની માફક વિવેચકની સામે કઠેરામાં ઊભેલું હોય છે.એટલે એનો પ્રયાસ તો પોતાની જાત સુરક્ષિત રહે એવું જ કથનજાળ રચવાનો હોય છે અને એ પ્રમાણે જ એ કથન-બયાન રજૂ કરે છે.(પોતાની જાતને સલામત રાખવાની આવી ઘણીબધી

પ્રયુક્તિઓ છે. મનોવિજ્ઞાનની પરિભાષામાં આ પ્રયુક્તિઓને બચાવપ્રયુક્તિઓ (Defense Mechanisms) કહે છે.)વળી એ કથક મનોવૈજ્ઞાનિક માટે માત્ર કથા કહેનાર કથક નથી રહેતો, પણ મનોરુગ્ણતાથી પીડાતો જીવંત દર્દી સમાન બની રહે છે. મનોવૈજ્ઞાનિક જેમ જીવતા દર્દી સાથે પ્રત્યક્ષ સંવાદ કરી, તેના અતીતનેજાણી, તેનો Case History તૈયાર કરે છે અને એ Case History ના આધારે તેના મનોરોગનું નિદાન કરે છે, તેમ મનોવિશ્લેષણાત્મક અભિગમ ધરાવતો વિવેચક પણ આવા કથકના સંવાદોમાંથી Case History તૈયાર કરે છે અને ત્યાર બાદ એ પાત્રના મનોજગતનું અર્થઘટન રજૂ કરે છે.

નવલકથાનો અંત વર્તમાનમાં યોજાયો છે. વિભાના મૃત્યુને એક મહિનો થયો એ સમયની વાત છે. અહીં જુઓ ધીમુ પોતાની વાણી પર લાગણીની કેવી વરખ ચડાવે છે, જે ભાવકને આકર્ષે છે અને પોતા પ્રત્યે સમભાવ કેળવવા પ્રેરે છે.ભાવકના હૃદયમાં પોતે નિર્દોષ છે એવું સ્થાપવા તેવાણીને લાગણી, દયા, નિખાલસતાનો ઓપ આપે છે. આ પણ પોતાની જાતને નિર્દોષ સાબિત કરવાનું કથનજાળ જ છે.

નવલકથા ધીમુની સ્મૃતિકથનથી આકાર પામી છે. આ સ્મૃતિકથન એ ખરેખર તો ધીમુનું આત્મપરીક્ષણ જ છે કે, વિભાના મૃત્યુ માટે પોતે દોષી છે કે નહીં ? હવે સવાલ એ છે કે સ્વપરીક્ષણ માટે ધીમુ જે પ્રયુક્તિ અપનાવે છે એ આંતર ચેતનાપ્રવાહ (Stream of Consciousness)ની પ્રયુક્તિ છે કે આત્મવિશ્લેષણની પ્રયુક્તિ ? આંતર ચેતનાપ્રવાહની પ્રયુક્તિમાં વિચારો અને વાણીનો પ્રવાહ અતાર્કિક અને અસંબદ્ધ હોય છે. વિચારોની ક્રમબદ્ધહીનતા એ તેનું મહત્ત્વનું લક્ષણ છે, અને સૌથી મહત્ત્વનું લક્ષણ તો એ છે કે આ વિચારોની પ્રવાહિતતા જળવાવી જોઈએ, નહિ કે બુંદ-બુંદ રૂપે એનું નિરૂપણ થવું જોઈએ. જ્યારે આત્મવિશ્લેષણની પ્રયુક્તિમાં વિચારો એક વ્યવસ્થિત ક્રમમાં આગળ વધતા હોય છે અને એમાં લક્ષ્યપૂર્તિ બાબતની સભાનતા સતત ડોકાયા કરતી હોય છે. ધીમુના વિચારો ઘણીવાર આંતર ચેતનાપ્રવાહની પ્રયુક્તિની કક્ષાએ પહોંચે છે પણ તરત જ તેમાં તાર્કિક્તાનું તત્ત્વ દાખલ થાય છે અને એ વિચાર આત્મવિશ્લેષણની પ્રયુક્તિમાં સરી પડે છે અને પોતાની જાતને નિર્દોષ પુરવાર કરવાના લક્ષ્ય બાબતની સભાનતા સહેજે તેના દરેક કથનમાં જોવા મળે જ છે. ભાનુપ્રસાદ પંડ્યાએ 'મનોવૈજ્ઞાનિક નવલકથા : સ્વરૂપ અને

વિકાસ'નામનાં પુસ્તકમાં આ સંદર્ભે એક મહત્ત્વપૂર્ણ નિરીક્ષણ કર્યું છેતે જુઓ : "સ્વ. જયંતિ દલાલે પાત્રની મનઃસ્થિતિ કે મનોદશાઓનો ચિતાર આપવા યોજેલી ટેક્નિક આપણને મનોવૈજ્ઞાનિક ગણાતી આધુનિક નવલકથામાંની 'આંતર ચેતના પ્રવાહપદ્ધતિ'ની યાદ આપે, પણ એ આંતરચેતના પ્રવાહપદ્ધતિ નથી, એ સ્પષ્ટ કરવું જોઈએ."[૩૦] એમાંની નિરૂપણપદ્ધતિ આંતરચેતના પ્રવાહપદ્ધતિ નથી એ સ્પષ્ટ કરતાં ભાનુપ્રસાદ પંડ્યા નોંધે છે : "એમાંનું ગદ્ય ઉદ્‌ગારોનું છે, મનનું છે, આત્મનિરીક્ષણનું છે. પણ બહુધા તર્કની વ્યવસ્થામાં છે. વિચારમંથનમાંથી પણ એની સરસ સંરચના (Design) સિદ્ધ થાય છે. સમયના અતિ સૂક્ષ્મ પરિમાણમાં જાગી ઊઠતી ચૈતસિક હોનારત એમાં તર્કની પાળને તોડી નાખતી નથી."[૩૧]

## ૪.૧૦. : ઉપસંહાર :

આમ, ધીમુ અને વિભા નવલકથાનો સમગ્રલક્ષી અભ્યાસ કરતાં કહી શકાય કે તે ગુજરાતી સાહિત્યની પહેલી એવી નવલકથા છે જેમાં મનોવૈજ્ઞાનિક તત્ત્વો-તથ્યો આટલી બળકટ રીતે નિરૂપણ પામ્યા છે. નિરૂપણ પામ્યાં છે એટલું જ નહિ નવલકથાના કથારસને બિલકુલ હાનિ પહોંચાડ્યા વિના કૃતિમાં એકરસ થયા છે. એ દષ્ટિએ જયંતિ દલાલની આ કૃતિ એમના માટે અને સમગ્ર ગુજરાતી સાહિત્યજગત માટે યશોદાયી નીવડી છે.

## ૪.૧૧. : પાદટીપ :

૧. ધીમુ અને વિભા, જયંતિ દલાલ; પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૩જી આવૃત્તિ, ૨૦૧૧; પૃ. ૭

૨. એજન ; પૃ. ૭

૩. એજન ; પૃ. ૧૧

૪. એજન ; પૃ. ૧૧

૫. એજન ; પૃ. ૧૦

૬. એજન ; પૃ. ૧૦

૭. એજન ; પૃ. ૧૨

૮. એજન ; પૃ. ૧૧૩

૯. એજન ; પૃ. ૫૪

૧૦. એજન ; પૃ. ૨૨

૧૧. એજન ; પૃ. ૧૩૪

૧૨. એજન ; પૃ. ૧૫

૧૩. એજન ; પૃ. ૨૦

૧૪. એજન ; પૃ. ૨૩

૧૫. એજન ; પૃ. ૨૮

૧૬. એજન ; પૃ. ૨૯

૧૭. એજન ; પૃ. ૪૬

૧૮. એજન ; પૃ. ૫૭

૧૯. જયંતિ દલાલ અધ્યયનગ્રંથ (જયંતિ દલાલની નવલકથાઓ, ધીરેન્દ્ર મહેતા), સંપાદક : રઘુવીર ચૌધરીઅને અન્ય ; પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૧૯૮૬; પૃ. ૩

૨૦. ધીમુ અને વિભા, જયંતિ દલાલ; પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૩જી આવૃત્તિ, ૨૦૧૧; પૃ. ૨૧૦

૨૧. એજન ; પૃ. ૨૩

૨૨. એજન ; પૃ. ૧૨૭

૨૩. એજન ; પૃ.

૨૪. એજન ; પૃ. ૧૧૮

૨૫. એજન ; પૃ. ૯૪

૨૬. એજન ; પૃ. ૬૪

૨૭. એજન ; પૃ. ૬૨

૨૮. એજન ; પૃ. ૧૧૮

૨૯. એજન ; પૃ. ૭

૩૦. મનોવૈજ્ઞાનિક નવલકથા : સ્વરૂપ અને વિકાસ, ભાનુપ્રસાદ પંડ્યા; પ્રકાશન : ડો. ભાનુપ્રસાદ એમ. પંડ્યા, રાજકોટ; ૧લી આવૃત્તિ, ૨૦૦૧; પૃ. ૬૨

૩૧. એજન ; પૃ. ૬૪